# અરવલ્લી-સાબરકાંઠામાં સાબરદાણ ખાધા પછી ૭૦ પશુ બિમાર : ૨ નુ મોત



## સાબરકાંઠાના ઈડરમાં ૩૦ પશુઓ અને અરવલ્લીના રડોદરામાં ૩૦ પશુઓને અસર : પશુપાલકોમાં ફફડાટ



મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના રડોદરા ગામે અને સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કડીયાદરા ગામે સાબરડેરીમાંથી ડેરીના સભાસદોને પશુઓનો ખોરાક સાબરદાણ પશુઓને તંદુરસ્તી અને દૂધમાં વધારો મળે તે માટે પુરૂ પાડવામાં આવે છે. ત્યારે રડોદરા અને કડીયાદરાના પશુપાલકોએ બન્ને ગામોની દૂધ મંડળીમાંથી ખરીદેલુ સાબરદાણ પશુઓને ખવડાવતા ઝેરી ખોરાકની અસરથી બન્ને ગામોમાં ૭૦થી વધુ પશુઓ બીમારીમાં પટકાતા અને ૧ પશુનુ મોત નિપજતા પશુપાલકોમાં ફફડાટ ફેલાયો હતો. સાબરડેરીના વેટનરી તબીબોની ટીમો બન્ને ગામમાં ઉતારી દઈ ઝેરી ખોરાકની અસર પામેલા પશુઓની તાબડતોડ સારવાર હાથ ધરી હતી.

રડોદરા ગામે અને કડીયાદરા ગામે સાબરડેરીમંથી આવેલ સાબરદાણ પશુઓને ખવડાવ્યા પછી બન્ને ગામના ૭૦થી વધુ ગાય-ભેંસ તેમજ અન્ય પશુઓ સાબરદાણ આરોગ્યા બાદ શરૂઆતના તબક્કે ઉભા ઉભા ફફડવા લાગ્યા હતા અને અચાનક જમીન પર ટપોટપ પટકાવાની સાથે ખૂબ જ મોટા અવાજથી બૂમો પાડતા હતા. અચાનક ઝેરી અસર શરીર પર વર્તાતા કેટલાક પશુઓ પગ પછાડવાની સાથે મોઢામાંથી લાળ જેવુ પ્રવાહી સતત મોટા પ્રમાણમાં નીકળતા પશુપાલકોએ પશુ તબીબોને સારવાર અર્થે બોલાવી લીધા હતા. કડીયાદરાના ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલની ગાયને ખોરાકી ઝેરની અસર વધુ થતાં મોત નિપજ્યું હતું. બાયડ તાલુકાના રડોદરા ગામે ૧૯ જેટલા પશુઓ (ગાય-ભેંસ) જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે ત્યારે બન્ને ગામની મહિલાઓએ જણાવ્યુ હતુ કે મંગળવારે સાંજના સમયે સાબરડેરીમાંથી લાવેલુ સાબરદાણ ખાવાથી જ અમારા પશુઓને ખોરાકની ઝેરી અસર થઈ છે.

બાયડના ઈન્ચાર્જ વેટેનરી તબીબ દ્વારા રડોદરાના પશુઓને થયેલી તકલીફની જાણ થતા તાબડતોડ રડોદરા પહોંચી પ્રાથમિક સારવાર હાથ ધરી હતી. તબીબના જણાવ્યા અનુસાર પશુઓને ફૂડ પોઈઝનીંગની અસર થઈ છે. પરંતુ ફૂડ પોઈઝનીંગ કયા કારણોસર થયુ તે તપાસ બાદ જ બહાર આવશે તેમ જણાવ્યું હતું.

### કડીયાદરામાં દાણ ખાતા બિમાર પશુઓનો આંક ૨૦૦ને પાર કરી ગયો

ઈડર તાલુકાના કડીયાદરા ગામે મંગળવારે રાત્રે પશુદાણ ખાવાના કારણે ૫૦થી વધુ પશુઓ બિમાર પડી ગયા હતા. દરમિયાન સાબડેરીના વેટરનરી ડોક્ટરોએ તાબડતોબ આવીને સારવાર આપી હતી. તેમ છતાં બુધવારે દાણ ખાતા બિમાર પશુઓનો આંક ૨૦૦ને પાર કરી ગયો છે. જો કે બે ગાયના મોત નિપજ્યા છે. તો બીજી તરફ સાબરડેરી દ્વારા દાણના સેમ્પલ લઈને તપાસ હાથ ધરી છે.

## પીલુન્દ્રા ગામે યુવકે ઝેરી દવા ગટગટાવી લેતા સારવાર હેઠળ

પ્રાંતિજ તાલુકાના પીલુન્દ્રા ગામે ૩૦ વર્ષના યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યો હતો અને વધુ સારવાર અર્થે ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યો છે.

પ્રાંતિજના પીલુન્દ્રા ગામે રહેતો યુવક મકવાણા મૌલિક બબાસિંહ ઉ.વ. ૩૦ પોતાના ઘરમાં કોઈ અગમ્ય કારણોસર બપોરના સમયે ઝેરી દવા ગટગટાવી જતા તેને પહેલા પ્રાંતિજ સી.એચ.સી. ખાતે ખસેડવામાં આવ્યો હતો અને ત્યાંથી વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો છે જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને પ્રાંતિજ પી.એચ.સી.ના ડૉ. અમિત શર્માએ કરતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ડીસામાં બિનઅધિકૃત શોપિંગને ત્રણ વર્ષથી છાવરતું તંત્ર

ડીસા, તા. ૩૦

ડીસા શહેરમાં આજ સુધીમાં અસંખ્ય ગેર કાનુની બાંધકામો ઉભા થઈ ગયા છે. પરંતુ સરકારી અધિકારીઓ અને સત્તાધીશો દ્વારા એકપણ બાંધકામ સામે કાર્યવાહી કરાઈ નથી. ગેર કાનુની બાંધકામો વિરૂધ્ધ પગલા ભરવાની જેની જવાબદારી છે તે અધિકારીઓ સત્તાધીશો આંખ આડા કાન કરતા રહ્યા છે.



જ્યારે જાગૃત નાગરીકો આ બાબતે ઉચ્ચકક્ષાએ રજુઆત કરે ત્યારે અધિકારીઓ માત્ર નોટીસ આપીને સંતોષ માને છે. વારંવાર નોટીસો ફટકારે છે. બિલ્ડરો આ નોટીસોને ધોળીને પી રહ્યા છે. જેમાં ડીસા શહેરના હાઈવે વિસ્તારમાં આવેલા અમૃત નગરમાં ઉભું થયેલું

ગેરકાયદેસર બાંધકામ વિરૂધ્ધ જાગૃત નાગરીક દ્વારા વારંવાર ઉચ્ચકક્ષાએ રજુઆતો થતી રહી છે. પરંતુ આ બાંધકામને છેલ્લા ત્રણ વર્ષ કરતા વધારે સમયથી છાવરમાં આવી રહ્યું છે. ડીસા શહેરમાં નેશનલ હાઈવે વિસ્તાર ન. રે.સ.નં. ૪૪/પી પૈકી પ્લોટ નં.-૧ અમરત નગરમાં રણછોડભાઈ ભીખાભાઈ પ્રજાપતિ, રામજીભાઈ હરીભાઈ પ્રજાપતિ અને અમરતભાઈ ભુરાભાઈ પ્રજાપતિ નામના કોન્ટ્રાક્ટરોએ ઉભા કરેલા ગેરકાયદેસર શોપિંગ સેન્ટર વિરૂધ્ધ અમરત નગર ભાગ-૧માં રહેતા અશોકકુમાર ભંવરલાલ પ્રજાપતિ સહિત રહીશો દ્વારા રજુઆત કરવામાં આવી હતી. જેના મામલે ડીસા પાલિકા દ્વારા તા. ૧૪/૧/૨૦૧૩ના રોજ બિલ્ડરોને નોટીસ પાઠવી સ્વેચ્છાએ દબાણ દુર કરી દેવા હુકમ કર્યો હતો. પરંતુ આ બિલ્ડરો આ નોટીસને ધોળીને પી ગયા હતા. આ બાંધકામ અંગે નગરપાલિકામાં નકશાઓ હજુ થયા નથી. ત્યારબાદ ડીસા પાલિકાએ તા. ૨/૪/૨૦૧૩ના રોજ આ બાંધકામને ૨૪ કલાકમાં દુર કરવા માટે બિલ્ડરોને નોટીસ ફટકારવામાં આવી હતી.

આમ છતાં બિલ્ડરો પર કોઈ અસર થવા પામી નથી. અરજદાર દ્વારા માંગવામાં આવેલી માહિતી આપવામાં પણ પાલિકા દ્વારા આંખ આડા કાન કરવામાં આવ્યા છે. ગેરકાયદેસર શોપિંગ સેન્ટરને દુર કરવા માટે પાલિકા તંત્ર નોટીસોથી એક ડગલું પણ આગળ વધી શકી નથી. ગેરકાયદેસર રીતે ઉભું થયેલું શોપિંગ તૈયાર થઈ તેની દુકાનો પણ વેચાઈ ગઈ છે. આમ ડીસા પાલિકાની રહેમ નજરથી ગેરકાયદેસર રીતે ઉભા થયેલા શોપિંગ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે અશોક ભંવરલાલ પ્રજાપતિ દ્વારા ફરી જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવી છે. ત્યારે ડીસા પાલિકા દ્વારા આ શોપિંગ વિરૂધ્ધ કાર્યવાહી કરશે કે છેલ્લા ત્રણ વર્ષથી થતું આવ્યું છે. તેમ માત્ર નોટીસો આપવાના નાટકો ચાલુ રાખશે ?

## શામળાજીમાં વસંતના વધામણા કાર્યક્રમનો પ્રારંભ

યાત્રાધામ શામળાજી ખાતે મંગળવારે રાત્રે રાજ્યના યુવક સેવા અનેસાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા વસંતના વધામણા (શામળાજી મહોત્સવ-૨૦૧૬) અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા. જેના કારણે મંદિર પરિસરમાં નયનરમ્ય દશ્યો સર્જાયા હતા. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનોખી પહેલ કરીને પ્રથમ વખત શામળાજીમાં વસંતના વધામણા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. મોડાસા કલાવૃંદ દ્વારા ગણેશ વંદના, ભાવનગર દ્વારા કૃષ્ણલીલા, શામળાજી આર્ટસ કોલેજ દ્વારા આદિવાસી નૃત્ય રજુ કરાયું હતું. પ્રથમ દિવસે ડાકોર, જૂનાગઢ, ખેરંચા, ચૂનાખણ, ભાવનગર સહિતના ૧૫ થી વધુ કલાવૃંદોએ અભિનયના ઓજસ પાથર્યા હતા.

# મેઘરજની રાજેડી પ્રાથમિક શાળા નં. ૨માં એક માસથી મધ્યાહન ભોજન બંધ

મોડાસા, તા. ૩૦

મેઘરજ તાલુકાના રાજેડી પ્રાથમિક શાળા નં. ૨માં ધોરણ-૧ થી ૫ સુધીનો અભ્યાસ ચાલે છે. જેમાં ૨૪ જેટલા બાળકો અભ્યાસ કરે છે. પરંતુ મધ્યાહન ભોજન યોજના અંતર્ગત જે પ્રા. શાળાઓમાં ભોજન અપાતુ હોય છે અને સરકાર દ્વારા જે મોટી મોટી વાતો કરવામાં આવે છે અને શાળામાં બાળકો સુધી દૂધ પિવડાવવાની યોજનાઓ મુકાઈ છે ત્યારે રાજેડી પ્રા. શાળા નં. ૨ ને જોતા આ યોજનાઓનો કેટલો અમલ થાય છે તે સ્પષ્ટ દેખાય આવે છે.



મધ્યાહન ભોજન યોજનાએ હજારો ગરીબ વર્ગના બાળકો માટે ખુશી જેવો માહોલ સર્જતી યોજના છે. પરંતુ કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને યોજનાના કર્મચારીઓ માનવતા નેવે મુકીને બાળકોના ભોજન યોજના માટેના ખર્ચાતા નાણામંથી પણ કટકી કરતા રહેતા હોઈ તેવુ લાગી રહ્યું છે.

રાજેડી શાળા નં. ૨ નો સંપર્ક કરતા જાણવા મળ્યું કે એક મહિનાથી આ શાળામાં મધ્યાહન ભોજન બનતુ જ નથી. સ્કૂલના આચાર્યનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે અગાઉના સંચાલકે રાજીનામુ આપ્યુ છે તેવુ જાણવા મળેલ હોઈ શાળાની એસએમસી અને મુખ્ય શિક્ષક દ્વારા મેઘરજ મામલતદારને લેખિતમાં જાણ કરવામાં આવી હતી કે અમારી શાળાના મધ્યાહન ભોજનના સંચાલકે રાજીનામુ આપ્યુ હોઈ તેવુ જાણવા મળેલ છે. તો અન્ય કોઈ સંચાલકને ચાર્જ આપવામાં આવે જેથી નિયમિત મધ્યાહન ભોજન બને અને બાળકોને મળે પરંતુ મામલતદાર કચેરી દ્વારા આજ દિન સુધી કોઈ પણ પ્રકારની તપાસ કે જવાબ આવ્યો નથી અને હાલ મધ્યાહન ભોજન બંધ છે.

જ્યારે ભોજન બનાવનાર મહિલા કાર્યકરે જણાવેલ કે પહેલા દર મહિને પાંચથી ૭ કિલો ગ્રામ ચોખા અને દોઢ કિ.ગ્રામ તેલ આપવામાં આવતુ હતુ અને તે જેટલા દિવસ ચાલે તેટલા દિવસ ભોજન બનતુ હતુ. અને ત્યારબાદ બંધ થઈ જતુ હતુ. વધુમાં તેઓએ જણાવ્યુ હતુ કે એક વર્ષથી પગાર પણ મળ્યો નથી અને સાથે સાથે ગ્રામજનોએ પણ સ્કૂલમાં આવીને મધ્યાહન ભોજન બાળકોને મળતુ ન હોઈ રોષની લાગણી વ્યક્ત કરી હતી.

## પાલનપુર ખાતે નાટકોનું મેઘ ધનુષ તપ્તાના તોખાર રજુ થયું

પાલનપુર ખાતે આવેલી જી.ડી. મોદી કોલેજ કેમ્પસના ગિરધારીલાલ ઓપન એર થીયેટરમાં ગુજરાત સંગીત નાટક અકાદમી દ્વારા આયોજિત જાણીતા ગુજરાતી નાટકોનું મેઘ ધનુષ રજુ કરાયું હતું. જેમાં તપ્તાના તોખારમાં નાટક પ્રિય શહેરીજનોએ મજા માણી હતી.

પાલનપુરમાં કાર્યકર આંગીકમ અને બનાસકાંઠા ભુતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના સહયોગથી વિશ્વ રંગભૂમિદિન નિમિત્તે અમને કહો નાટ્યોત્સવ તપ્તાના તોખારમાં રાજ્યના અમદાવાદ રાજકોટ વડોદરા સુરત અને ગાંધીનગરથી જાણીતા ચોટદાર નાટકો જેવા કેહસતા રહો ગમતા રહો, અમથો અટવાયો સપનામાં, જે થાય તે કરી લે, સુખને એક ચાન્સ તો આપો, એક અહમની રાણી, અમે બરફના પંખી અને હૈયાના હસ્તાક્ષર જેવા અદભુત નાટકો પાલનપુરીઓએ મન ભરીને માળ્યા હતા. આંગીકમના અનિકેત ઠાકર તેમજ તેમની ટીમે ભારે સફળતાપૂર્વક સુંદર આયોજનથી પ્રેક્ષકોની વાહ વાહ મેળવી હતી.

# બાયડ-દહેગામ હાઈવે પર ચોઈલા ગામની સીમમાંથી ૯.૮૧ લાખનો દારૂ ઝડપાયો

બાયડ-દહેગામ હાઈવે ઉપર આવેલ ચોઈલા ગામ પાસે ફોરમ પેટ્રોલીયમ નજીક સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.વાય.એસ.પી. જયોતિબેન પટેલ અને તેમની ટીમએ એક મહિન્દ્રા બોલેરો લોડીંગ બંધ બોડીનું પીકઅપ વાહન જેનો ગાડી નં. ય્ન.૨૩ઉ.રૂ.૪૪૯૮ નો ચાલક બીજો ઈસમ તેના વાહનમાં ગેરકાયદેસર વિદેશી દારુ નીકળેલ હોવાના બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.વાય.એસ.પી. જયોતિબેન પટેલે ગંગાજલ ફિલ્મી સ્ટાઈલ ધબ્બે વિદેશી દારૂ ઝડપયો હતો. બાયડ પોલીસ દારૂ પકડાયો તે સમયે અજાણ હતી. બાયડ પોલીસની નગરમાં અને જીલ્લામાં થુથ્થુ થઈ હતી.

આરોપી અશોક ગોવિંદભાઈ ગીયડા (રહે.વસો, તા.સીયારપટના, જી.આસન, કર્ણાટક, હાલ રહે. વીચ્છીવાડા-રાજસ્થાન) ઉદયલાલ ચુનાજી મેસવાલ (રહે. ખેમલી રેલ્વે સ્ટેશનની પાસે, તા.માવલી, જી.ઉદેપુર, રાજસ્થાન) ને ઝડપી



બાયડ પોલીસ સ્ટેશનના જેલના સળીયા પાછળ ધકેલી દીધેલ છે.

બાયડ પોલીસ સ્ટેશના નાક નીચે થઈ દારૂ પસાર થયો હતો. તેમ છતાં બાયડ પોલીસ ને ખબર ન પડી તે સમયે સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.વાય.એસ.પી.જયોતિબેન પટેલે અને તેમની ટીમે વિદેશી દારૂ પકડી બાયડ પોલીસની ઉંઘ હરામ કરી હતી.



પ્રાંતિજ તાલુકામાં આવેલ ધાર્મિક સ્થળો, પીકનીક સ્થળો પાસે આવેલ સાબરમતી નદીમાં અવાર-નવાર પાણીમાં ડુબી જવાના બનતા બનાવોને લઈને પ્રાંતિજ ખાતે લોકહિતના કાર્ય કરતા જાયન્ટસ ગૃપ દ્વારા તાલુકા સેવા સદન ખાતે પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર આપી આવી જગ્યાએ ચેતવણી બોર્ડ લગાવવા રજુઆત કરી.

# મોડાસામાં વિજતંત્રની બેદરકારીને લીધે ખેડૂતના ઘઉંના પાક પર તોળાતો ખતરો

## દર વર્ષે લટકતા તારને લીધે કેટલાય ખેતરોમાં આગના બનાવો બને છે : માનવસર્જીત આફતથી ખેડૂતો ચિંતીત : તંત્ર પાણી વહી જાય તે પહેલા પાળ બાંધે તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે

મોડાસા, તા. ૩૦

રવિ પાકમાં મુખ્ય પાક ગણાતા એવા ઘઉંની કાપણીનો સમય ચાલુ થઈ ગયો છે. હાલના સમયમાં ખેતરોમાં હજારો મણ ઘઉં સુકાઈને પડેલા છે ત્યારે ખેતરોમાં લચકતા વિજતારને લઈને ખેડૂતો ચિંતીત છે. ગત વર્ષે ખંભીસર, લિંભોઈ તેમજ અન્ય કેટલાક વિસ્તારોમાં લચકતા તારને લીધે ખેડૂતોનો મહામુલો ઘઉંનો પાક બળીને ખાખ થઈ ગયો હતો.

દર વર્ષે લચકતા તારને લીધે કેટલાય ખેતરોમાં આગ લાગવાના બનાવો મોટા પ્રમાણમાં બને છે. જેના લીધે જગતના તાતને રાતા



પાણીએ રોવાનો વારો આવે છે. પરંતુ તંત્રની બેદરકારી કે આળસને કારણે લચકતા તારનું સમારકામ કરવામાં આવતુ નથી જેનો ભોગ ખેડૂતો બને છે. હાલ પણ ખંભીસર પંથકના કેટલાય વિસ્તારોના ખેતરોમાં લચકતા તાર જોવા મળે છે જે ઘઉંના પાક માટે ખતરાની ઘંટી સમાન છે.

હાલ ઠેર ઠેર ઘઉંનો સુકાયેલા પાક ખેતરોમાં છે ત્યારે વિજતંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે લચકતા તાર ખેંચી મહામુલો પાક બચાવી લેવામાં આવે અને પાણી વહી જાય તે પહેલા તંત્ર દ્વારા પાળ બાંધવામાં આવે તેવુ ખેડૂતો ઈચ્છી રહ્યા છે.